જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૪/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૭૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૫ કેસ કરી, ૮૯ વ્યક્તિઓને ઝડપી, ૫૫૯ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૭૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૭૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૫૭૪/૨૦૨૬**

શાહપુરઃ મોનિકા વા/ઓ મોહનીશ ચંડક (રહે.સાતમો માળ, ધવલ એપાર્ટમેન્ટ, લાઈફકેર હોસ્પિટલની બાજુમા, શાહપુર) એ તા.૨૨/૦૪/૨૦૨૬ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૪/૦૨૦૨૬ થી તા.૧૨/૦૪/૨૦૨૬ સુધીના સમાયગાળા દરમ્યાન કોઇ જાણભેદુએ મોનિકાબહેનના ઘરના મુખ્ય દરવાજાનું તાળુ ચાવીથી ખોલી, ઘરના બેડરૂમના લાકડાના કબાટના ડ્રોવરમાં મુકેલ સોના–ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૫,૨૨,૭૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જી.ભાટિયા ચલાવે છે.

છઠ્ઠા માળેથી પડી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૫૭૫/૨૦૨૬**

રામોલઃ વસ્ત્રાલ નવી બનતી સાઈડ હીલટાઉનના બ્લોક "એ" બ્લોક ખાતે રહેતા અને ત્યાંજ મજુરી કામ કરતા કિષ્નાભાઇ સ/ઓ જીવાભાઈ ગમેતી (ઉ.વ.૨૭)(મુળ વતનઃ– ગામડી દેવલ ગામ તા.પાલદેવર જિ.ડુંગરપુર રાજસ્થાન) તા.૨૧/૦૪/૨૦૨૬ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે "હીલટાઉનના બ્લોક "એ" ના છઠ્ઠા માળેથી આકસ્મિક રીતે નીચે પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અશ્વિનભાઇ જગજીવનભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૫૭૬/૨૦૨૬**

નિકોલઃ કિરણબહેન વા/ઓ સુનીલભાઈ મિસ્ત્રી (ઉ.વ.૩૧)(રહે. સ્વામીનારાયણ પાર્ક વિભાગ–૧ કિરણ હાઉસ સામે, કેનાલ પાસે નિકોલ ગામ રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૪/૨૦૨૬ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.જે.શેખવા ચલાવે છે.

નારોલઃ હાઈફાઈ ચાર રસ્તાની પાસે વિજયનગર વિભાગ–૨ ખાતે રહેતા ભોલાભાઈ ઘનજીભાઈ મકવાણા નાઓના ૧૭ વર્ષના પુત્રએ અગમ્ય કારણસર પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરસીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી